# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૨/૧૦/૨૦૨૬ થી તા.૧૮/૧૦/૨૦૨૬ સુધી


લેખકઃ જયોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442

E-mail : bharatjyotish03@yahoo.co.in




**મેષ (અ,લ,ઈ):-** ચાલુ વીકમાં પોતાના કામને લગતું નવું શીખવાથી કેરીયરમાં નવી તક ઊભી થાય. ઘરમાં ખુશીજનક વાતાવરણ રહે. મહેમાન પરિવાર સાથે સમય પસાર કરવાથી સામાજિક સંબંધો મજબૂત બનશે. પ્રેમવિવાહ બાબતે મદદ મળે. રોજની આવક વધે. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. નવા રોજગારની તક મળે. સરકારી યોજનાનો લાભ મળે. વારસા અને ઉધારી બાબતે અનુકૂળતા થાય. વિદેશમાં ઉચ્ચ શિક્ષણની યોજનામાં પ્રગતિ થાય.



**વૃષભ (બ,વ,ઉ):-** ચાલુ વીકમાં કાર્યસ્થળ પર વિવેકપૂર્ણ વ્યવહાર રાખવો. તમારા મહત્ત્વના કામમાં મદદ મળી શકે તેમ છે. ઉધાર લેવા દેવાનું ટાળવું. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. નવી જવાબદારીથી કામનો બોજ વધે. તબિયત નરમ રહે. સરકારી નોકરીની યોજનામાં હકારાત્મક પ્રગતિ થાય. તમારી વ્યવહાર કુશળતા અને વહીવટી કુનેહના કારણે નવી તક મળે. સમાજ અને કુટુંબજીવનમાં માન વધે તેવાં કામ પાર પડશે.



**મિથુન (ક,છ,ઘ):-** સપ્તાહ પ્રેમ પ્રકરણોમાં અનુકૂળતાવાળું તથા અચાનક ઈચ્છિત મુલાકાતવાળું રહે. સંતાનોના પ્રશ્નો સતાવે. પુત્રીસંતાન અને જીવનસાથીનો સાથ મળે. નવા સામાજિક સંબંધો બને. આવક વધારવાની યોજના પાર પડશે. મિત્રોનો સાથ મળે. ધાર્મિક પ્રવાસ થાય. નોકરી-ધંધામાં ભાગ્યનો સાથ મળે. સ્વભાવ સ્વતંત્ર અને નિડર બને. માતા સાથે વિવાદથી અશાંતિ પેદા થાય. સામાજિક કામ આગળ વધે. શુભ સમાચાર મળે.



**કર્ક (ડ,હ):-** ચાલુ વીકમાં ઘર પરિવારમાં ખુશી અને ધાર્મિકયુક્ત વાતાવરણ રહેવાથી મન પ્રફુલ્લિત રહેશે. નોકરીમાં નવી જવાબદારીથી પ્રભાવ વધશે. મહત્ત્વના ફેરફારથી નવું શીખવા મળે. સંપત્તિ-વારસા, મકાન, વાહનની યોજનામાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. શેર, સટ્ટા, લોટરી વાયદાનાં કામ થાય. પ્રેમમાં અચાનક મિલન થાય. વિશ્વાસ વધે. સ્વાર્થી મિત્રોથી સાવધાન. નોકરીમાં પ્રમોશન કે પગારવધારો થઈ શકે છે.



**સિંહ (મ,ટ):-** ચાલુ વીકમાં જૂના સંબંધોને ટકાવવાની કોશિશ સફળ રહે. ધીરજ અને સમજદારીથી કાર્યબોજ ઓછો થાય. જીવનસાથીનો સાથ મળે. નવા વેપારની શરૂઆત થાય. ધાર્મિક યાત્રા થાય. દલાલીના કામમાં આવક વધે. ભાડાની આવક વધે. નવી પ્રોપર્ટીની ખરીદી થઈ શકે છે. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં અનુકૂળતા રહે. પ્રેમમાં ધીરજ રાખવી. વિદ્યાર્થીઓની મહેનત ફળે.



**કન્યા (પ,ઠ,ણ):-** સપ્તાહ દરમિયાન આર્થિક બાબતે ચોક્કસ બનશો. નવાં રોકાણ થાય. ઉઘરાણી આવે. ઘરમાં ધાર્મિક વાતાવરણ રહે. વારસા બાબતે પ્રગતિ થાય. ખાણી-પીણીના વેપાર ધંધામાં આવક વધશે. પારિવારિક ધંધામાં નવી યોજના બને. ઉચ્ચ શિક્ષણ, સાહિત્ય, નૃત્ય, કલાક્ષેત્રે પ્રગતિ થાય. ઘરમાં નવા ફેરફાર થાય. અવરજવર વધે.



**તુલા (ર,ત):-** ચાલુ વીકમાં ક્રિએટીવ બનશો. રંગીન-રોમેન્ટીક મુલાકાત થાય. પ્રેમમાં વિશ્વાસ વધે. કાર્યસ્થળ પર તમારી વહીવટી કુશળતાની કદર થાય. ઈન્ટરવ્યુમાં સફળતા મળે. વિજાતિય મિત્રોનો સાથ મળે. ઘર-પરિવારમાં ધાર્મિક ઉત્સવ જેવું વાતવરણ રહે. વારસાનાં કામ થાય. સંતાનોના ભવિષ્યની યોજના બને. આધુનિક ટેકનોલોજીને લગતાં કામ સફળ બને. ઉતાવળમાં કોઈને વચન આપવું નહીં.



**વૃશ્ચિક (ન,ય):-** સપ્તાહ ધાર્મિક યાત્રા અને પૂજા ઉપાસનામાં પસાર થાય. વિદેશનાં કામ થાય. કોર્ટ-કચેરીમાં રાહત રહે. અંગત જીવનમાં રસિક મુલાકાત થાય. વિલાસી લોકોને પ્રતિષ્ઠાની હાનિ થઈ શકે. ઉધાર-લેવા-દેવાનું ટાળવું. ટેકનોલોજીનું જ્ઞાન ઉપયોગી બનશે. નવા ઘર, વાહનની યોજના બને. નોકરીમાં નવી જવાબદારી વધશે. દાંપત્યમાં તાલમેળ રહે. પ્રેમવિવાહની ઓફર આવી શકે છે.



**ધન (ભ,ધ,ફ,ઢ):-** ચાલુ વીકમાં પ્રેમમાં મિલન મુલાકાતથી આત્મીયતા વધશે. પ્રેમવિવાહની ઓફર આવી શકે છે. ઘરમાં સંતાનોના કામની યોજના બને. પુત્રી સંતાનની ચિંતા સતાવે. વફાદાર મિત્રોની સલાહ અને મદદથી રાહત થાય. શેરબજારમાં તક મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પ્રવાસ થાય. ધાર્મિક પ્રસંગમાં ભાગ લેવાનું બને. સરકારી નોકરિયાતે સાવધાની રાખવી. અચાનક સફળતા કે શુભ સમાચારથી ઉત્સાહ વધશે.



**મકર (ખ,જ):-** ચાલુ વીકમાં આવક વધારવાની યોજના પાર પડે. મોજ-શોખ, કોસ્મેટીક, બ્યુટી પાર્લર, ગારમેન્ટ્સ વગેરે ધંધામાં આવક વધે. સ્ત્રી વર્ગ સાથે વ્યવહારમાં સાવધાની રાખવી. નવી નોકરીની તક ઊભી થાય. સંતાનોના કામમાં સાથ મળે. વિદ્યાર્થીઓને મદદ મળે. નવાં રોકાણથી લાભ થાય. ધાર્મિક યાત્રાથી શાંતિ મળે. ગુપ્ત ભય સતાવે. કોર્ટ-કચેરીમાં ધીરજ રાખવી. ખર્ચા વધશે.



**કુંભ (ગ,સ,શ,ષ):-** સપ્તાહ દરમિયાન ઘર, પરિવારમાં ધાર્મિક વાતાવરણથી શાંતિ મળે. ઉચ્ચ શિક્ષણ, વિદેશ અને કાયદાકાનૂન બાબતે મધ્યમ પ્રગતિ થાય. હરીફાઈયુક્ત પરીક્ષા કે કામમાં હકારાત્મક પ્રગતિ થાય. આર્થિક પ્રગતિથી નવાં રોકાણ થાય. નોકરીમાં નવા ફેરફારથી અનુકૂળતા થાય. જાહેર જીવનમાં યશ મળે. સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજવસ્તુના વેપારમાં લાભ થાય તથા શેરબજારનાં કામ થાય. પ્રેમવિવાહની ઓફર આવી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ):-** સપ્તાહ સરકારી કામ કે નોકરીમાં નવી જવાબદારી મળે. નવું શીખવા મળે. વારસાનાં કામ થાય. ઉધાર લેવા-દેવાનું ટાળવું. મન પર ભાર રહે. આરોગ્ય સુધરશે. ગુપ્ત ભય સતાવે. ધાર્મિક પ્રવૃત્તિથી મનને શાંતિ મળે. વડીલોની મદદથી નવા કામમાં પ્રગતિ થાય. વિદેશ પ્રવાસ, આયાત-નિકાસનાં કામ થાય. ઉચ્ચ શિક્ષણમાં તક મળે. વેપારમાં નવી યોજના પાર પડે. નોકરીમાં પ્રમોશન મળી શકે.

# C.J.P. આંદોલન અને આબાલવૃધ્ધ મહિલાનો પ્રભાવ

## C.J.P.નું આંદોલન ફરીથી શરૂ થયું છે અને તે પોતાનું ધ્યેય પૂર્ણ કરીને જ જપશે

ભારતની આઝાદી અને તે પહેલાં પણ કોઈ પણ ક્રાંતિકારી લડાઈમાં સ્ત્રીઓનો પ્રભાવ ખૂબ જ મહત્ત્વનો સાબિત થયો છે. ભારતમાં સ્ત્રી શિક્ષણની ક્રાંતિથી લઈને દેશનું શાસન તેમજ પ્રશાસન વગેરેમાં ભારતીય નારીની ન ભુલાય તેવી કામગીરી રહી છે. ભારતમાં આઝાદીથી અત્યાર સુધીના વડા પ્રધાનોમાં ઈન્દિરા ગાંધીને ક્યારે પણ કોઈ નહીં ભૂલે, કારણકે તેમણે દેશના ગૌરવને દુનિયામાં પ્રસ્થાપિત કર્યું છે. તાજેતરનાં આંદોલન Crokroach Janta party/ Citizens for Justice and peace અને Chipko Movement વગેરેમાં મહિલાઓની સશક્ત ભૂમિકાને જ્યોતિષની દૃષ્ટિએ સમજવાની કોશિશ અત્રે રજૂ કરવાની નમ્ર કોશિષ. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે જ્યારે પણ મહિલાઓ કોઈ સામાજિક ન્યાય, રાજકારણની ખોખલી નીતિ, પર્યાવરણ, શિક્ષણ વગેરેના હક્ની લડાઈ માટે જ્યારે રોડ પર ઊતરે છે ત્યારે તેમની આંતરિક શક્તિને ખાસ કરીને ચંદ્ર, મંગળ, શુક્ર, બુધ અને પૃથ્વી તત્ત્વની રાશિ તથા પૃથ્વી તત્ત્વના ગ્રહો, પૃથ્વી તત્ત્વનો લગ્નનો ખૂબ જ પ્રભાવ તેમનામાં જોવા મળે છે. ચંદ્રમાં તેમનામાં માતાની, કરુણા અને સુરક્ષાની ભાવના પેદા કરે છે જે આપણને ચિપકો આંદોલનમાં જોવા મળ્યું. મંગળ સાહસ, નિડરતા અને નેતૃત્વક્ષમતા, જે આપણને ઝાંસીની રાણી સહિત અનેક નામી-અનામી વીરાંગના અને ઈન્દિરા ગાંધી અને તાજેતરના CJP ના જંતરમંતર આંદોલનમાં પોલીસની લાઠી અને દમન સામે અડગ ઊભી રહીને વિદ્યાર્થિનીઓનો સંઘર્ષ જોવા મળ્યો.

શુક્ર સામુહિક એકતા અને શાંતિપ્રિય પ્રતિરોધ તેમજ અહિંસક માર્ચથી સમાજને જોડવાની શક્તિ આપે છે તેમજ ક્રિએટીવ અને કલાત્મક રજૂઆત, બુધ, બૌધ્ધિક, વકતૃત્વ પ્રભાવશાળી રજૂઆત અને નવી વિચારધારાને કલાત્મક રીતે રજૂ કરવાની પ્રેરણા આપે છે. હાજરજવાબીપણાથી સામેની વ્યક્તિને આંજી દેનાર વ્યાવહારિક રજૂઆત વગેરે બુધ આપે છે. બુધ પૃથ્વી તત્ત્વનો ગ્રહ છે જે ધૈર્ય અને એકબીજાને પોતાના વિચારોથી જોડવાની કલા આપે છે. આ તમામ બાબતો આપણને C.J.P.ના આંદોલનમાં યુવતિઓ સહિત મહિલામાં જોવા મળી છે.

વૈદિક જ્યોતિષ પ્રમાણે મહિલાઓમાં આદ્ય શક્તિનો વાસ માનવામાં આવે છે. જ્યારે સમાજમાં અસંતુલન પેદા થાય છે ત્યારે ગ્રહોની ઊર્જા મહિલાઓના માધ્યમથી પ્રગટ થાય છે. આંદોલનમાં મહિલાઓની હાજરી કેવળ એક ભીડ નહીં પણ શુક્ર (શાંતિ અને ન્યાય) ના રૂપે દુર્ગા (રક્ષક)ના મિશ્રણ રૂપે હોય છે. જો બડે બડે કે શક્તિશાલી સામ્રાજ્ય કે સત્તાને ઝુકાવવા કે ઝૂકવા પર મજબૂર કરી દે છે. C.J.P.નું આંદોલન તા. 06-06-2026ની સવારે લગભગ 8.30 કલાકે જંતરમંતર પર અભિજીત દિપકે ત્યાં પહોંચીને શરૂઆત કરી ત્યારે આકાશમાં પુનર્વસુ નક્ષત્રનું બુધ જે પૃથ્વી તત્ત્વનો ગ્રહ છે તેનું મિથુન લગ્ન ઉદિત હતું. લગ્નમાં લગ્નેશ બુધ અને પંચમેશ શુક્રની યુતિ લગ્નમાં હતી જે સ્ત્રી શક્તિના પ્રતીક સમાન બળવાન હતું. બુધ વિદ્યાભ્યાસ વિદ્યાર્થી, તેમજ આધુનિક વિચાર અને ટેકનોલોજીનો કારક છે જ્યારે શુક્ર વિપરીત રાજયોગ કરતો દુર્ગા-શક્તિનો કારક, શુક્ર, જીવંત શક્તિનો કારક છે. તે કાર્યના આરંભને રૂકવા દેતો નથી અથવા નિષ્ક્રિય થવા દેતો નથી તે આ આંદોલને શક્તિવંત રાખવાની શક્તિ આપતો હતો. શુક્ર સંજીવની વિદ્યાનો કારક છે. માટે મંદ પડેલા કામને ફરીથી પૂર્ણ જોશથી શરૂ કરે છે. માટે જC.J.P.નું આંદોલન ફરીથી શરૂ થયું છે અને તે પોતાનું ધ્યેય પૂર્ણ કરીને જ જપશે.કુંડલીમાં છઠ્ઠાનો માલિક મંગળ લાભસ્થાનમાં પોતાની હકારાત્મક અગ્નિ તત્ત્વની સ્વરાશિ મેષમાં અતિ બળવાન બને છે અને રોગ શત્રુ હંતા યોગ શત્રુને મંગળ બળવાન બનાવે છે. મંગળને સાહસ, ઊર્જા અને યુધ્ધનું પ્રતીક માનવામાં આવે છે. Crokcroach Janta Party અને વિદ્યાર્થી આંદોલનમાં જ્યારે નિડર મહિલા- પત્રકારો અને વિદ્યાર્થિનીઓ પર લાઠીચાર્જ અને દુર્વ્યવહાર થયો છતાં પણ તે ડરી કે ડગી નહીં. પરંતુ મજબૂતીથી પોતાના અવાજને બુલંદ કરીને લડતી રહી. ઘાયલ શેરનીની ઝલક ત્યાં જોવા મળી. જ્યોતિષની દૃષ્ટિએ જ્યારે કોઈ પણ આંદોલનમાં મહિલાઓનો મંગળ સક્રિય (Active) બને છે ત્યારે તે એક યોધ્ધાનું રૂપ લઈ લે છે જે પોતાના અધિકારો માટે પુરુષોના ખભાથી ખભા મેળવીને પુરુષો સાથે લડતી રહે છે તે એક યોધ્ધાની સાથે એક માતાના રૂપમાં આવી જાય છે. અહીં કુંડલીમાં બીજા સ્થાનનો માલિક ચંદ્ર આઠમે રહીને પોતાના ઘરને દેખે છે જે કુટુંબસ્થાન છે. ચંદ્ર ગુરુની શુભ દૃષ્ટિમાં છે અને મંગળના નક્ષત્રમાં સક્રિય બને છે. જેમ માતા- પોતાના બાળકોના રક્ષણ માટે શેરની બને છે તેમ આંદોલન વખતના ચંદ્રની સક્રિયતાના કારણે તમામ આબાલવૃધ્ધ મહિલાઓ રક્ષાત્મક પ્રવૃત્તિમાં આવી ગઈ હતી.

આ કુંડલીમાં રાહુ ભાગ્યમાં છે, જ્યોતિષની દૃષ્ટિએ ભાગ્યનો રાહુ સ્ત્રી જાતકને ખૂબ જ નિડર-સ્વતંત્ર અને ન્યાય માટે ગમે તે હદ સુધી લઈ જાય છે. રાહુ અચાનક કોઈ મોટા જન આંદોલન અને સોશ્યલ મીડિયાની ક્રાંતિનો કારક છેતેની સક્રિયાથી C.J.P.ના આંદોલનમાં યુવતિઓ રૂઢિવાદી બેડીઓને તોડીને બીંદાસ પોતાની ક્રિએટીવીટીથી CJP આંદોલનમાં પોતાની ઊર્જાને ડિજિટલ મીડિયામાં રિલ દ્વારા એક અલગ જ ઓળખ પેદા કરીને આંદોલનની દિશા જ બદલી દીધી. રાહુ-બુધ કુંડલીમાં ખૂબ જ બળવાન બને છે. આ બંને ગ્રહો સંચાર-પ્રસારણના કારક છે. બળવાન શનિ કેન્દ્રમાં જે જનતા અને ન્યાયનો કારક છે. જનતાની ન્યાયની લડાઈને સક્રિય કરનાર શનિ ખૂબ જ બળવાન અવસ્થામાં છે. **શનિ-રાહુની સક્રિયતાના કારણે C.J.P.નું આંદોલન પરિણામ મેળવ્યા વગર અટકવાનું નથી અને આ આંદોલનમાં યુવતિઓ સહિત મહિલાની હાજરી હોવાથી તેમજ આંદોલનપ્રણેતા અભિજીતની કુંડલીમાં આકર્ષણ યોગના કારણે દેશની મહિલા-પુરુષ-બાળક-કિશોર વગેરેનો સાથ આંદોલનને પૂર્ણ રીતે સફળ કરશે.**

**જ્યોતિષની દૃષ્ટિએ ભાગ્યનો રાહુ સ્ત્રી જાતકને ખૂબ જ નિડર-સ્વતંત્ર અને ન્યાય માટે ગમે તે હદ સુધી લઈ જાય છે. રાહુ અચાનક કોઈ મોટા જન આંદોલન અને સોશ્યલ મીડિયાની ક્રાંતિનો કારક છે**

## અનુસંધાન ... પાના પહેલાનું

### ખડગે, રાહુલ...

ભારતના મુખ્ય ન્યાયાધીશને મળવા પણ જઈ રહ્યા છીએ. મેં એક પત્ર લખ્યો છે, અને રાહુલ ગાંધીએ પણ પત્ર લખ્યો છે. અમે બપોરે 4થી 5 વાગ્યાની વચ્ચે મુલાકાત નિર્ધારિત કરી છે, જે દરમિયાન અમે તેમને પરિસ્થિતિથી માહિતગાર કરીશું.''

### દિલ્હી ગુરુદ્વારા...

હતા, જેનાથી ધાર્મિક વાતાવરણ ડહોળાયું હતું અને ગુરુ ઘરની પવિત્રતા તથા મર્યાદાનું ઉલ્લંઘન થયું હતું. પૂજ્ય પૂજાસ્થળની અંદર કરવામાં આવેલી આવી જાણીજોઈને કરાયેલી રાજકીય પ્રવૃત્તિથી શિખ સંગતની ધાર્મિક લાગણીઓને ઊંડો આઘાત લાગ્યો છે.''

### યુક્રેનને એક...

જ કલાકો પછી સાચી પડી, જ્યારે યુક્રેનના અધિકારીઓએ જાહેરાત કરી કે શનિવારે વહેલી સવારે દેશના દક્ષિણ-પૂર્વમાં રશિયન હુમલાઓની શ્રેણીમાં ૩ બાળકો સહિત ૨૦ લોકો માર્યા ગયા હતા.

### ટ્રમ્પના રશિયા...

તેમણે અમેરિકા અને વૈશ્વિક બજારને તાત્કાલિક 300,000 ટન ડીઝલ પૂરું પાડવા માટે રશિયા સાથે સોદો કર્યો છે.

### જો રશિયા ૬૦...

ટોપલો ઢોળવો આસાન છે, "જ્યારે સમગ્ર વિશ્વ જાણે છે કે મધ્ય પૂર્વમાં યુદ્ધના કારણે ભાવ વધી રહ્યા છે." અગાઉ રવિવારે, ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે જો મોસ્કો (રશિયા) યુક્રેનના ઉર્જા માળખા પર પોતાના હુમલા બંધ કરે, તો યુક્રેન પણ રશિયન તેલ રિફાઇનરીઓ પરના હુમલા રોકવા માટે તૈયાર છે.

### વિરોધ પ્રદર્શનનું...

રિપોર્ટરોના ફોન તથા સાધનો જપ્ત કરી લીધા હતા. આ નિવેદન પીસીઆઈ, આઈડબ્લ્યુપીસી, દિલ્હી યુનિયન ઓફ જર્નાલિસ્ટ્સ (ડીયુજે) અને કેરળ યુનિયન ઓફ વર્કિંગ જર્નાલિસ્ટ્સ (દિલ્હી યુનિટ) દ્વારા જારી કરવામાં આવ્યું હતું.

### CJP નેતાઓ...

આવ્યા છે. એક નિવેદનમાં, CJP એ આ ત્રણેય નેતાઓની મુક્તિને ''મોટી કાનૂની જીત'' ગણાવી છે. CJP એ નિવેદનમાં જણાવ્યું, ''દિલ્હી પોલીસ દ્વારા ગેરકાયદેસર નિવારક અટકાયતમાં રાખ્યાના લગભગ ૨૪ કલાક બાદ દિલ્હી એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કોર્ટે કોકરોચ જનતા પાર્ટી (CJP) ના નેતાઓ અભિજીત દીપ્કે, સૌરવ દાસ અને આશુતોષ રાંકાને મુક્ત કર્યા છે.'' નિવેદનમાં વધુમાં જણાવાયું છે કે, ''મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે મતદાર યાદીમાં કથિત અનિયમિતતાઓને લઈને જવાબદારી અને રાજીનામાની માંગ કરતા વિરોધ પ્રદર્શનોની આસપાસ રાજધાનીમાં સઘન સુરક્ષા વચ્ચે આ મનસ્વી અટકાયતોથી તીવ્ર ટીકા અને કાનૂની પડકારો ઊભા થયા હતા.'' CJP એ X પર પોસ્ટ કર્યુંઃ ''આખરે દિલ્હી પોલીસ અભિજીત દીપ્કે, આશુતોષ રાંકા અને સૌરવ દાસને મુક્ત કરવા મજબૂર થઈ છે. કોકરોચ ક્યારેય મરતા નથી.''

### મને અટકાયતમાં...

કે, તેને જુદા-જુદા પોલીસ સ્ટેશનોમાં લઈ જવામાં આવ્યો હતો અને તેને લગભગ 22થી 23 કલાક સુધી તેના વકીલનો સંપર્ક કરવાની કે ફોનનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. રાઠીએ એવો પણ દાવો કર્યો હતો કે તેના બેડરૂમમાંથી બહાર કાઢતી વખતે તેને ઈજાઓ થઈ હતી.

રાઠીએ પોતાના અનુભવનું વર્ણન કરતાં અને તેને તેના નિવાસસ્થાનેથી લઈ જવાની પદ્ધતિ પર સવાલ ઉઠાવતાં કહ્યું, "મને અટકાયતમાં લેવામાં આવ્યો ન હતો, મારું અપહરણ કરવામાં આવ્યું હતું."

### આંદોલન ઉગ્ર...

પોલીસ કર્મચારીઓ પર હુમલો કરવા અને સરકારી કર્મચારીઓને તેમની ફરજ બજાવતા રોકવા સંબંધિત ગુનાઓનો સમાવેશ થાય છે. રવિવારે, ભારે સુરક્ષા ખડકલા વચ્ચે CJP દ્વારા આપવામાં આવેલા વિરોધ પ્રદર્શનના બીજા દિવસે આશરે ૨૦૦ વિદ્યાર્થીઓ અને પ્રદર્શનકારીઓ સૂત્રોચ્ચાર કરતા જંતર-મંતર તરફ આગળ વધતા તેમની અટકાયત કરવામાં આવી હતી, જેમાં ઘણા લોકોને બળજબરીપૂર્વક પોલીસ બસોમાં ખેંચી જતા જોવા મળ્યા હતા. સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SFI), ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન (AISA) અને ક્રાંતિકારી યુવા સંગઠન (KYS) સહિતના કેટલાક વિદ્યાર્થી સંગઠનોના સભ્યો, CJP સમર્થકો સાથે અટકાયતમાં લેવાયા હતા. સીપીઆઈ (એમ) ના રાજ્યસભા સાંસદ જોન બ્રિટાન્સ અને AISA પ્રમુખ નેહા બોરા પણ અટકાયતમાં લેવાયેલા લોકોમાં સામેલ હતા.

### ભગવાધારી જૂથોએ...

પ્રદર્શનકારીઓને ધમકી આપતાં અને ચૂંટણી પંચ (ઈસી) સામે વિરોધ કરનારાઓ સામે હિંસાના ઉપયોગનો ખુલ્લેઆમ બચાવ કરતાં જોવા મળ્યા હતા. રવિવારે લાકડીઓ લઈને કેટલાક પુરુષો કનોટ પ્લેસમાં ફરતાં જોવા મળ્યા હતા, જ્યાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા હતા. તેઓ પ્રદર્શનકારીઓનો સામનો કરી રહ્યા હતા અને ધમકીઓ આપી રહ્યા હતા. શનિવારના હુમલાના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હોવા છતાં આ જૂથો રસ્તાઓ પર ફરી રહ્યા હતા. દીન દયાલ ઉપાધ્યાય (ડીડીયુ) માર્ગ પર વિદ્યાર્થીઓ પર હુમલો કરવા અને મહિલાઓ સાથે અણછાજતું વર્તન કરવાના આરોપમાં કથિત રીતે જમણેરી હિન્દુ રક્ષા દળના સભ્યો હોવાનો દાવો કરતા ચાર પુરુષોની ધરપકડ કરવામાં આવી છે. બીજી તરફ, શનિવારના વીડિયોમાં મોટા જૂથો પોલીસ કર્મચારીઓની હાજરીમાં વિરોધ સ્થળોની આસપાસ ફરતા, પોલીસ તથા તંત્ર માટે ખુલ્લેઆમ સમર્થન વ્યક્ત કરતા અને પ્રદર્શનકારીઓને ધમકાવતા જોવા મળ્યા હતા.

### રિયાધ એરપોર્ટ...

ઘાતક હુમલામાં ઓછામાં ઓછા 11 ભારતીયો ઘાયલ થયા હતા, શનિવારે રિયાધના કિંગ ખાલિદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર થયેલા હુમલાથી યમનના ઈરાન-સમર્થિત હૂતીઓ અને સાઉદી અરેબિયા વચ્ચેના યુદ્ધમાં મોટો ઉછાળો આવ્યો છે તથા અમેરિકા-ઈરાન યુદ્ધને રોકવાના મંદ પડી ગયેલા પ્રયાસો વધુ જટિલ બન્યા છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ વિદ્રોહીઓ સામે સાઉદીના હુમલામાં જોડાવું કે કેમ તે અંગે વિચારણા કરી રહ્યા છે, જે એવી પરિસ્થિતિ સર્જી શકે છે જે હૂતીઓને એક મહત્વપૂર્ણ જળમાર્ગ દ્વારા શિપિંગ અટકાવવા અને પર્શિયન ગલ્ફમાંથી તેલના પ્રવાહને વધુ પ્રતિબંધિત કરવા માટે પ્રેરી શકે છે. રવિવારના રોજ બાદમાં, હૂતી સંચાલિત આરોગ્ય મંત્રાલયે અહેવાલ આપ્યો કે યમનની રાજધાની સનામાં એક ઘર પર શંકાસ્પદ સાઉદી હવાઈ હુમલામાં એક બાળકનું મૃત્યુ થયું હતું અને છ લોકો ઘાયલ થયા હતા. સાઉદી સત્તાવાળાઓ તરફથી કોઈ તાત્કાલિક ટિપ્પણી કરવામાં આવી ન હતી. મંત્રાલયના જણાવ્યા અનુસાર પાંચ અઠવાડિયામાં સાઉદીની આગેવાની હેઠળના ગઠબંધન દ્વારા ૯૧ યેમેનીઓ માર્યા ગયા છે અને ૧૯૮ ઘાયલ થયા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે માર્યા ગયેલા લોકોમાંથી ૬૦ ટકા મહિલાઓ અને બાળકો હતા.

### મેં ફરીથી વિરોધ...

અને ગૃહમંત્રી અમિત શાહથી ડરતા નથી." દીપકેએ જણાવ્યું હતું કે, "ભલે મને 100 વખત જેલમાં નાખો, અમે તમારી તાનાશાહીથી ડરતા નથી. અમે આ તાનાશાહીનો અંત લાવીશું." દિલ્હી પોલીસે 10 ઓક્ટોબરે કસ્ટડીમાં હોવા દરમિયાન દીપકેને તેમની દાદીના અવસાન વિશે જાણ કરવામાં આવી ન હતી તેવા સીજેપીના દાવાને રદિયો આપવા માટે એક વીડિયો જારી કર્યાના થોડા સમય બાદ આ નિવેદન આવ્યું છે. દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે, આ સમાચાર યોગ્ય સંવેદનશીલતા સાથે આપવામાં આવ્યા હતા અને તેમના વતન અંતિમ સંસ્કાર માટે જવા માટે મુસાફરીમાં સહાયતાની ઓફર કરવામાં આવી હતી, પરંતુ તેમણે આ ઓફર ફગાવી દીધી હતી. દીપકેની માતા દ્વારા દિલ્હી પોલીસ પર જૂઠું બોલવાનો આરોપ લગાવીને એવો દાવો કરવામાં આવ્યા બાદ કે તેમના પુત્રને શનિવારે તેમની દાદીના અવસાન વિશે જાણ કરવામાં આવી ન હતી, આ વીડિયો જારી કરવામાં આવ્યો હતો.

### મહત્વની પરીક્ષા...

લઈને સર્જાયેલા વિવાદ બાદ આવ્યો છે, જેના કારણે દેશવ્યાપી વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનો થયા હતા અને અંતે તત્કાલીન શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડ્યું હતું. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, 'પરીક્ષાના દિવસે જાહેર રેલીઓ, સરઘસો કે મોટી ભીડ ઉમેદવારોને મોડા પાડી શકે છે અને તેઓ તેમનો રિપોર્ટિંગ સમય ચૂકી શકે છે. સમિતિ ભલામણ કરે છે કે પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેયર મીન્સ) એક્ટ, ૨૦૨૪ માં સુધારો કરીને જિલ્લા વહીવટીતંત્રને પરીક્ષાના દિવસોમાં કોઈપણ રેલી, સરઘસ કે અન્ય જાહેર સભા માટે મંજૂરી રોકવા અને તે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપવામાં આવે કે ટ્રાફિક અને કાયદો-વ્યવસ્થાની વ્યવસ્થાઓ અગાઉથી જ સારી રીતે ગોઠવાયેલી હોય, જેથી કોઈ પણ ઉમેદવાર ટાળી શકાય તેવી બાહ્ય અડચણથી પ્રભાવિત ન થાય.' સંસદીય પેનલે નોંધ્યું કે પરીક્ષા કેન્દ્રો પર થોડી મિનિટો મોડા પહોંચતા ઉમેદવારોને મોટે ભાગે પ્રવેશ આપવામાં આવતો નથી, જેના કારણે સામાન્ય વિલંબને કારણે તેમની આખા વર્ષની સખત મહેનત વેડફાઈ જાય છે.

### શાંતિપૂર્ણ દેખાવકારોની...

કોર્ટ કોકરોચ જનતા પાર્ટી(CJP)ના વિરોધ પ્રદર્શનને કારણે દિલ્હીમાં મેટ્રો અને ટ્રેન સેવાઓ પર સંપૂર્ણ પ્રતિબંધ ન મૂકવાના કોર્ટના આદેશનો કથિત અનાદર કરવા બદલ દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. બેંચે અવલોકન કર્યું, "ઈન્ટરનેટ સુવિધાઓ કાયદા અનુસાર અવિરત રહેવી જોઈએ. જ્યારે અમે કહીએ છીએ કે ઈન્ટરનેટ સુવિધાઓ અવિરત રહેશે, ત્યારે અમે માહિતી ટેકનોલોજી કાયદા (IT એક્ટ) હેઠળની સત્તાઓ છીનવી રહ્યા નથી. બેંચે વધુમાં જણાવ્યું, "કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા સિવાય, ખાસ કરીને તે વિસ્તાર કે જ્યાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૧૬૩ લાદવામાં આવી છે તેનાથી બહારના વિસ્તારમાં એકઠા થયેલા લોકોની ગેરકાયદેસર અટકાયત કરવામાં આવશે નહીં. કારવાઈ દરમિયાન, રાષ્ટ્રીય જનતા દળ (RJD) ના સાંસદ મનોજ ઝા તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કોર્ટને જણાવ્યું હતું કે પોલીસ ટ્રેનોમાંથી અને જંતર-મંતર (જ્યાં પ્રતિબંધાત્મક આદેશો લાગુ છે)ના ૪ કિલોમીટરના ત્રિજ્યા વિસ્તારની બહારથી લોકોની અટકાયત કરી રહી છે. તેમણે કોર્ટને જણાવ્યું કે ૯ ઓક્ટોબરના આદેશ છતાં, મુસાફરોના પ્રવેશ અને બહાર નીકળવા માટે ૪૫ મેટ્રો સ્ટેશનો બંધ રાખવામાં આવ્યા હતા. જ્યારે સોલિસિટર જનરલ મહેતાએ રજૂઆત કરી હતી કે ૧૦ ઓક્ટોબરે કુલ ૩૦૩ સ્ટેશનોમાંથી માત્ર ૪૫ સ્ટેશનો પર પ્રવેશ અને નિકાસ પ્રતિબંધિતહતા, જે સમગ્ર મેટ્રો નેટવર્કના માત્ર ૧૫ ટકા જેટલા થાય છે. તેમણે ઉમેર્યું કે અટકાયતીઓને મુક્ત કરવાની માંગ કરતી અરજીઓ હવે ટકતી નથી કારણ કે મોટાભાગના અટકાયત કરાયેલા લોકોને મુક્ત કરી દેવામાં આવ્યા છે.

# બૂથ કેપ્ચરિંગના આક્ષેપ વચ્ચે ગાંધીનગર મનપા માટે 55 ટકા મતદાન

**44 બેઠક** પર 130 ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ, 13મીએ મતગણતરી

ગાંધીનગર : ગાંધીનગર મહાનગરપાલિકાની 44 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં 130 ઉમેદવારોનું રાજકીય ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયું છે. 11 વોર્ડમાં યોજાયેલા મતદાનમાં સાંજે પાંચ વાગ્યા સુધીમાં 54.01 ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે મતદાન પૂર્ણ થતાં એકંદરે 55 ટકાથી વધુ મતદાન થયાનું જાણવા મળ્યું છે. શરૂઆતમાં ધીમી રહેલી મતદાનની ગતિએ બપોર બાદ વેગ પકડ્યો હતો. જોકે, મતદાન દરમિયાન વિવિધ વિસ્તારોમાં રાજકીય કાર્યકરો વચ્ચે ઘર્ષણ અને બૂથ કેપ્ચરિંગના આક્ષેપોને પગલે ચૂંટણીમાં ગરમાવો જોવા મળ્યો હતો. હવે તમામની નજર 13 ઓક્ટોબરે યોજાનારી મતગણતરી પર છે, જે 44 બેઠકોનું ચિત્ર સ્પષ્ટ કરશે.

મતદાન પૂર્ણ થયા બાદ EVM સીલ કરીને સ્ટ્રોંગરૂમમાં સુરક્ષિત રાખવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતના ઉમેદવારો વચ્ચે જંગ જામ્યો હતો. 2021ની ચૂંટણીમાં ભાજપે 41 બેઠકો જીતીને મનપામાં એકતરફી વર્ચસ્વ સ્થાપ્યું હતું, જ્યારે કોંગ્રેસને બે અને આમ આદમી પાર્ટીને એક બેઠક મળી હતી. આ વખતે ત્રિપાંખિયા મુકાબલા વચ્ચે મતદારોનો ઝુકાવ કોના તરફ રહ્યો છે તે 13મીએ મતગણતરી બાદ જ સ્પષ્ટ થશે.

મતદાન દરમિયાન વાવોલ અને કુબેરનગર વિસ્તારમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. વોર્ડ નંબર 7માં કુબેરનગરની એમ. બી. પટેલ સ્કૂલ બહાર ભાજપની છત્રીઓ મૂકવાના મુદ્દે માહોલ ગરમાયો હતો. ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો સામસામે આવી જતાં સ્થાનિક પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. વોર્ડ નંબર 3ના સેક્ટર-24માં મતદારોને ક્રમાંક નંબર બતાવવાના મુદ્દે આમ આદમી પાર્ટી અને ભાજપના કાર્યકરો વચ્ચે માથાકૂટ થઈ હતી. જોકે, પોલીસે દરમિયાનગીરી કરીને મામલો થાળે પાડ્યો હતો. વોર્ડ નંબર 2માં આરાધના સ્કૂલ ખાતે ભાજપના કાર્યકરો દ્વારા બૂથ કેપ્ચરિંગ કરાયાનો કોંગ્રેસના ઉમેદવાર સૂર્યસિંહ ડાભીએ આક્ષેપ કર્યો હતો. ભાટ ગામમાં પણ બોગસ મતદાનના મુદ્દે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયાની ફરિયાદો સામે આવી હતી. જોકે, ગાંધીનગરના એસપી રવિતેજાએ ચૂંટણી દરમિયાન કેટલીક સામાન્ય ફરિયાદો મળી હોવાનું અને કોઈ ગંભીર ઘટના ન બની હોવાનું જણાવ્યું હતું. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે એક હજારથી વધુ પોલીસકર્મીઓ તૈનાત કરાયા હતા.

મતદાનના આંકડા પર નજર કરીએ તો બપોરે એક વાગ્યા સુધીમાં સરેરાશ 31.90 ટકા મતદાન નોંધાયું હતું. આ સમયે પુરુષ મતદારોનું મતદાન 35.47 ટકા અને મહિલા મતદારોનું 28.19 ટકા હતું. સાંજે પાંચ વાગ્યા સુધીમાં મતદાનની ટકાવારી વધીને 54.01 ટકા થઈ હતી. વોર્ડ નંબર 4માં સૌથી વધુ 70.09 ટકા મતદાન નોંધાયું હતું. હવે 13 ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે, જેમાં 130 ઉમેદવારોમાંથી કોના પક્ષે જનાદેશ રહ્યો છે તેનો ફેંસલો થશે.

# પંજાબના મોસ્ટ વોન્ટેડ ત્રણ આરોપીઓ વાપીમાંથી ઝડપાયા

ગાંધીનગર : પંજાબના અમૃતસરમાં થયેલી હત્યાના કેસમાં સંડોવણીના આરોપસર ફરાર ત્રણ આરોપીઓને ગુજરાત એટીએસ અને વલસાડ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે (SOG) વાપીમાંથી ઝડપી લીધા છે. અમૃતસરના લોરાશકા રોડ પર કાર વોશિંગ સેન્ટર નજીક 3 ઓક્ટોબર, 2026ના રોજ મધુ સુદાનસિંહ ઉર્ફે મેડ સંધુની ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. આ કેસના આરોપીઓ ગુજરાતના વાપીમાં છુપાયેલા હોવાની બાતમી મળતાં બંને એજન્સીઓએ સંકલન કરીને ઓપરેશન હાથ ધર્યું હતું. ત્રણેય આરોપીઓને ગુજરાત એટીએસની કસ્ટડીમાંથી આગળની કાર્યવાહી માટે પંજાબ પોલીસને સોંપવામાં આવ્યા છે.

ગુજરાત એટીએસને પંજાબ પોલીસના વરિષ્ઠ અધિકારીઓ તરફથી આ કેસના આરોપીઓ અંગે માહિતી મળી હતી. ત્યારબાદ પોલીસ અધિક્ષક કે. સિદ્ધાર્થના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક હર્ષ ઉપાધ્યાય અને પોલીસ અધિકારી કૃપેશ પટેલે બાતમીના આધારે તપાસ આગળ ધપાવી હતી.

તપાસમાં ત્રણેય આરોપીઓ વાપીમાં હોવાની વિગતો સામે આવતાં તેમની પ્રોફાઈલ, લોકેશન અને સંબંધિત માહિતી વલસાડ એસઓજી સાથે શેર કરવામાં આવી હતી.


इंडियन बैंक Indian Bank
इलाहाबाद ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

**ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II**

Bank Website E-Auction Website

ધી સીક્યુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨, જેને સીક્યોરીટી ઈન્ટરેસ્ટ (એનર્ફોસમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી. આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિક્યોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 28/10/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિંમત/ઈએમડી અને ઈ-ઓક્શનની તારીખની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ નં. | શાખા | કરજદાર/ જામીનદારો/ મોર્ગેજરોના નામ | તારીખા ના રોજ કુલ બાકી | ડિમાન્ડ નોટીસની તારીખ | સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો. | કબજાનો પ્રકાર | અનામત કિંમત | ઈએમડી (રૂ.) | મિલકતનો ID નંબર. | અધિકૃત અધિકારીનું નામ અને મો.નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | બરોડા રાજમહેલ રોડ | શ્રી મકવાણા હસમુખ નટવરભાઈ (કરજદાર અને મોર્ગેજર) | તા.૦૮/૧૦/૨૦૨૬ ના રોજની બાકી રૂ.૨૧,૭૦,૪૦૯.૪૪ | ૧૬/૦૩/૨૦૨૬ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર રહેણાંક મિલકત જે જાણીતી યોજના ''કૃપા રેસીડેન્સી'' ફ્લેટ નં. સી-૨૦૩, બીજો માળ, ટાવર-સી, એપીએમસી માર્કેટ સામે, આજવા રોડ, વડોદરા. જેના બિલ્ટપ વિસ્તારનું માપ ૭૫.૨૫ ચો.મીટર્સ. અને ૨૬.૬૦ ચો.મીટર્સ માપ ધરાવતા કોમન રસ્તા અને કોમન પ્લોટની જમીનમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિત. જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૫૮૮/પી, ફાઈનલ પ્લોટ નં. ૧૨ (જૂનો ફાઈનલ પ્લોટ નં.૧૦), ટી.પી. સ્કીમ નં. ૨, મોજે ગામઃ સયાજીપુરા, વડોદરા સહિત નોંધણી જિલ્લો અને સબ જિલ્લો વડોદરા. મિલકતની ચર્તુદિશાઃ ઉત્તરેઃ લાગુ ટાવર-ડી, દક્ષિણેઃ લાગુ ફ્લેટ નં. સી-૨૦૨, પૂર્વેઃ લાગુ ફ્લેટ નં. સી-૨૦૪, પશ્ચિમેઃ લાગુ ફાઈનલ પ્લોટ નં. ૧૩. | સાંકેતિક | 19,45,000/- | 1,94,500/- | IDIB30653406313 | Mr. Rameshwar Lal Prajapati (M) 75685 07016 |
| ૨. | ભરૂચ | (૧) શ્રી પઠાણ ઈરફાન કાલુભાઈ (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રીમતિ શબાના ઈરફાન પઠાણ (સહ-કરજદાર અને મોર્ગેજર) | તા.૦૮/૧૦/૨૦૨૬ ના રોજની બાકી રૂ.૨૦,૩૬,૪૭૧.૪૫ | ૦૯/૦૨/૨૦૨૬ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંક મિલકત પ્લોટ નં. ૧૦, સનસીટી, જેના વિસ્તાર માપ ૭૮.૨૪ ચો.મીટર્સ, જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં.૫૧, જાહેરાત બાદ નવો રેવન્યુ સર્વે નં. ૧૫૩, સાનિધ્ય રો હાઉસ સામે, ડ્રીમ સીટી નજીક, જીતાલી રોડ, દઘાલ, અંકલેશ્વર, જિલ્લોઃ ભરૂચ, ગુજરાત-૩૯૩૦૦૩. જે મિલકત શ્રી પઠાણ ઈરફાન કાલુભાઈ અને શ્રીમતિ શબાના ઈરફાન પઠાણ ના નામની. મિલકતની ચર્તુદિશાઃ ઉત્તરેઃ જોડાયેલ રે. સર્વે નં., દક્ષિણેઃ સોસાયટીનો આંતરીક રસ્તો, પૂર્વેઃ પ્લોટ નં. ૦૯, પશ્ચિમેઃ જોડાયેલ રે. સર્વે નં. | પ્રત્યક્ષ | 12,07,000/- | 1,20,700/- | IDIB3304347006 | Mr. Ashok Raja M (M) 9173291320 |
| ૩. | જીઆઈડીસી અંકલેશ્વર | (૧) શ્રી અમોલ રાજેન્દ્ર સોનાવણે (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રીમતી શોભા રાજેન્દ્ર સોનાવણે (કરજદાર અને મોર્ગેજર) | તા.૦૮/૧૦/૨૦૨૬ ના રોજની બાકી રૂ.૧૪,૨૧,૭૩૬.૫૦ | ૦૫/૦૯/૨૦૨૨ | મિલકતની જમીન અને બિલ્ડીંગ જે ઘર નં. ૩૫ ''સહયોગ રેસીડેન્સી'' નામની રહેણાંક સ્કીમમાં, માપ ૪૪.૬૨ ચો.મીટર્સ, અયોધ્યાપુરમ ટાઉનશીપ-૩ પાસે, કાપોદ્રા રોડ, જેની સાથે જમીન ઉપર તમામ સુવિધાઓમાં અવિભાજીત હિસ્સા સહિત સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૪૩૮ (જુનો રે.સ. નં.) જે ગામ- કોસમડી, તાલુકા - અંકલેશ્વર, જીલ્લો- ભરૂચ-૩૯૩૦૦૧, ગુજરાત રાજ્યની હદમાં સ્થિત છે જે શ્રી અમોલ રાજેન્દ્ર સોનાવણે અને શ્રીમતી શોભા રાજેન્દ્ર સોનાવણે ના નામની છે. ચર્તુદિશાઃ ઉત્તરેઃ સોસાયટીનો રસ્તો, દક્ષિણેઃ પ્લોટ નં. ૨૪, પૂર્વેઃ પ્લોટ નં. ૩૬, પશ્ચિમેઃ પ્લોટ નં. ૩૪. | પ્રત્યક્ષ | 7,00,000/- | 70,000/- | IDIB0213087F02 | Mr. Ashok Raja M (M) 9173291320 |

બીડ વધારવાની કિંમત રૂ.૧૦,૦૦૦/- ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૨૮/૧૦/૨૦૨૬ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ-ઓક્શન તારીખ અને સમય પહેલા.

મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૧૨/૧૦/૨૦૨૬ થી ૨૭/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન ઈ-ઓક્શનની તારીખ અને સમય : ૨૮/૧૦/૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનીટસના અનલિમિટેડ વિસ્તરણ સાથે)

Bidders are advised to visit the website (https://baanknet.com) of our e auction serviceprovider PSB Alliance Pvt. Ltd to participate in online bid. For Technical Assistance Please call PSB Alliance Pvt. Ltd Helpdesk No.8291220220, email ID: - support.baanknet@psballiance.com and other help line numbersavailable in service providers help desk. For Registration status with PSB Alliance Pvt. Ltd.and EMD status, please contact support.baanknet@psballiance.com. For property details and photograph of the property and auction terms and conditions please visit: https://baanknet.com and for clarifications related to this portal, please contact Helpdesk No.8291220220 Bidders are advised to use Property ID Number mentioned above while searching for the property in the website with https://baanknet.com

તારીખઃ ૧૨/૧૦/૨૦૨૬, સ્થળઃ સુરત.

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૧૫ દિવસની વેચાણ નોટિસ

(વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

અધિકૃત અધિકારી, ઈંડિયન બેંક.